Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# કચ્છના પ્રાચીન સ્થાપત્યો

ડૉ.રાજેશકુમાર મંગળદાસ જાદવ *

**પ્રસ્તાવના**

શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત, ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ". જી હા, 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' આ વાકય ને કચ્છ પ્રાચીન સથ્ઠો ખરેખર સાર્થક કરે છે. કચ્છ પ્રાચીન ભૂમિ છે.ભૌગોલિક લાક્ષણિકતાઓ અને કાચબાને મળતા ભુપૃષ્ઠ લક્ષણોને કારણે તેનું નામ કચ્છ પડયું. કચ્છની વહીવટી પૃષ્ઠભૂમિ થોડી ગુઢ લાગે છે. પ્રાચીન સમયથી ઉત્તર અને પૂર્વથીમાં આવતા વિવિધ જાતિઓ અને ધર્મના લોકો દ્વારા જમીન પર કબજો  કરવામાં આવેલ હતો. ઈતિહાસના દરમિયાન તેના સમયાંતરે વિવિધ રાજવંશોનું આધિપત્ય હતું, અને  સિંધ અને ગુજરાત પર તેની સત્તાનો ઉપયોગ કર્યો હતો. તે એક વખત મૌર્ય સામ્રાજ્યનો એક ભાગ પણ બન્યો હતો અને પછી સાકા, ક્ષત્રપ, ગુપ્તા અને હૈહાયસના સત્તા હેઠળ આવ્યા બાદમાં મૈત્રક, ગુર્જાર, ચાલુક્ય, ચાવડા, સોલંકી, કાઠીઓ અને અન્ય ગુજરાતના રાજાઓએ શાસન કર્યું. આ દરમ્યાન કચ્છમાં વિવિધ બાધકામો થયા જે આજે પન કચ્છની સોભા માં વધારો કરે છે. કચ્છના પ્રાચીનસથ્ઠો દાદા મેકરણ મંદીર – ધ્રંગ, ભદ્રેશ્વર (વસહી) જૈન મંદિર, કોટાઈ મંદિર (સૂર્ય મંદિર), કાળો ડુંગર, હાજી પીર દરગાહ, કોટેશ્વર મંદિર, માતા નો મઢ, રવેચી માતા મંદિર, એકલ માતા મંદિર, આઈના મહેલ વગેરે પ્રાચીન સથ્ઠો આજે પણ પ્રવાસીઓ માટે આકર્ષણ ઉપજાવે છે.

## કોટાઈ મંદિર (સૂર્ય મંદિર)



સૂર્ય દેવતાને સમર્પિત મંદિર એટલે સૂર્ય મંદિર. આવા મંદિરો જુદી જુદી સંસ્કૃતિઓ દ્વારા બનાવવામાં આવ્યા હતા. ભારત, ચાઇના, ઈજિપ્ત, જાપાન અને પેરુ સહિત વિશ્વભરમાં સૂર્ય મંદિર છે.  કેટલાક મંદિરો ખંડેર છે, ખોદકામ, જાળવણી અથવા તેનું પુનર્સ્થાપન ચાલુ છે. કેટલાકને વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ તરીકે જાહેર કરવા માં આવે છે.

*ડૉ.રાજેશકુમાર મંગળદાસ જાદવ, આસિસ્ટન્ટ પ્રોફેસર

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

કચ્છમાં કુનારિય પાસે પણ એક સૂર્ય મંદિર આવેલું છે, આ મંદિર નું ભવ્ય બાંધકામ અને અજોડ કોતરણીથી એ સૂર્ય મંદિર છે એમ કહી શકાય, બાકી અન્ય સૂર્ય મંદિર કરતા તે ઘણું અલગ છે, જેમ કે તેનું પ્રવેશ દ્વાર પશ્ચિમ તરફ છે, જ્યારે તમામ સૂર્ય મંદિરના દ્વાર પૂર્વ તરફ હોય છે. તેની અંદર કોઈ ભૌમિતિક કમાલ નથી. પણ ખરેખર જોવાલાયક છે તેની કોતરણી, ત્યાં મુલાકાત લેવા નો શ્રેષ્ઠ સમય છે બપોર અને પછી સાંજ. ભુજ થી માત્ર 40 મિનિટ ના અંતરે આવેલું છે.

કોટાયમાં આવેલું સૂર્ય મંદિર, જેને રા લાખા તરીકે ઓળખવામાં આવે છે. તે લાખા ફુલાણી એ બંધાવ્યું હોવાનું મનાય છે. તે સિમેન્ટ વગરનું અને અંશત પીળા અને અંશત  લાલ પથ્થરનું બનેલું છે.  કેટલીક બૌદ્ધ ચૈત્ય ગુફાઓ જેવી કોતરણી ત્યાં  લેવામાં આવી છે ; અમરનાથ મંદિરની જેમ જ નાભિની છત  છે, મધ્ય વિસ્તાર મોટા પાયે સ્લેબથી બનેલો છે,  લિન્ટલ ઉપર નવગ્રહ છે, નવ ગ્રહોના  આશ્રયદાતા સૂર્ય દેવ નું મંદિર શિલ્પથી બનાવેલું છે. પ્રવેશ હોલમાં, મંડપ ની નીચે શિલ્પવાળા ,ચોરસ બ્લોક ના ચાર સ્તંભો છે. જેના પર(બાવન) ખૂણા પર કોલોનેટિટ્સ દ્વારા કોતરવામાં આવેલ એક બ્લોક છે. બ્લોકના ચહેરાઓ પુરુષો અને હાથીઓના આકાર ના શિલ્પથી બનાવેલા છે. એક વર્તુળમાં એક બીજાના હાથમાં જોડાયેલા સોળ આકૃતિઓ એકસાથે કોતરવામાં આવીછે, દરેક પગને ક્રોસ કરી કેન્દ્ર તરફ વળે છે. દરેક ના હાથમાં લાકડી  છે, ડાબો હાથ નીચે અને જમણી તરફ શરીર  વળેલું છે, અને તેથી બંને બાજુનાં આંકડાઓનાં હાથથી આંતરિક રીતે જોડાયેલું છે. ત્રણ પાંખની છત, બાજુ અને મધ્ય વિસ્તારની આગળ, ખૂબ જ સુંદર રીતે ફૂલોની પાંખડી કોતરવામાં આવી છે. મંદિરની આગળની દિવાલથી આગળ  બે સુઘડ માળખામાં,  કળીઓ સાથે ઉગેલા કમળના ફૂલ દ્વારા સજાવેલી સરસ   મૂર્તિ છે.

આ મે વાત કરી તેની અદભુત કોતરણીની હવે બીજી વાત હિન્દી ફિલ્મ રેફ્યુજી ના એક ગીતનું આ મંદિરમાં શૂટિંગ થયેલું છે. તમે માની શકો કે અભિષેક બચ્ચન અને કરીના કપૂર આ મંદિરની અંદર શૂટિંગ કરી ચૂક્યા છે.(ગીત: રાત કી  હથેળી પર... '

**ભદ્રેશ્વર (વસહી) જૈન મંદિર**

૪૪૯ બી.સી.માં રાજા સિધસેન દ્વારા ભદ્રવતી પર શાસન કરવામા આવતું હતું, જેમણે આ સ્થળનું નવીનીકરણ કર્યું હતું. પાછળથી તેના પર સોલંકી શાસકો દ્વારા શાસન કરાતું હતું, જે જૈનો હતા અને તેઓએ આ નગરીનું નામ બદલીને ભદ્રેશ્વર કર્યું. ૧૩૧૫ માં, ભદ્રેશ્વર જૈન મંદીર, ભારતના સૌથી જૂના જૈન મંદિરોમાંનું એક હોવાનું માનવામાં આવે છે. જોકે તે સમયાંતરે નવીનીકરણ કરવામાં અને પુનર્વસન કરવામાં આવ્યું છે.

ભદ્રવતિના રાજા સિદ્સેસેન દ્વારા મંદિરનું પુનર્નિર્માણ ૪૪૯ બી.સી. માં કરવામાં આવ્યું છે. એવું કહેવાય છે કે દેવચંદ્ર નામના જૈન વ્યક્તિએ સદીઓ અગાઉ આ મંદિરનો પાયો નાખ્યો હતો. વર્ષ ૧૧૨૫ માં શેઠ જગડુશા દ્વારા આ મંદિરનું મોટા પ્રમાણમાં નવીનીકરણ કરાવામાં આવ્યું હતું. ધરતીકંપો જેવા કુદરતી આપત્તિઓ અને કચ્છની હોનારતના ઈતિહાસના કારણે મંદિર ઘણીવાર નાશ પામ્યું હતું , ઉલ્લેખ છે કે કચ્છના મીસ્ત્રીઓ, આર્કિટેક્ટ અને કારીગરો હતા દ્વારા ૧૮૧૯, ૧૮૪૪-૪૫ અને ૧૮૭૫ ના ધરતીકંપો દરમિયાન મંદિરનું પુનર્નિર્માણ કર્યું હતું. ભદ્રાવતી શહેરની પવિત્ર ભૂમિ પર 2524 વર્ષ દરમિયાન જૈન મંદિરનો આ 10 મો જીર્ણોદ્ધાર (નવીનીકરણ) છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

જે વર્ષ 2010 માં કરવામાં આવ્યો હતો. અગાઉ, આ યાત્રાધામનું મહારાજા કુમારપાળ તથા સમ્રાટ સંપ્રતિ મહારાજા, તેમજ ભદ્રાવતીના દાનવીર શેઠ શ્રી જગડુશા અને ત્યારબાદ શેઠ વર્ધમાન તથા શેઠ પદમાશી શા વગેરે જેવા યુગપુરુષો દ્વારા સમયાંતરે નવીનીકરણ કરવામાં આવ્યું હતું. આ તીર્થસ્થાનો શ્રીમાળી બંધુઓએ વિક્રમ સંવત ૧૧૩૪ (AD ઇ. સ. 1191) માં જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, આવો ઉલ્લેખ પણ અહીં મળી આવે છે. આ જિનાલયમાં 16 મી સદીનો એક મહત્વનો શિલાલેખ પણ મોજૂદ છે.

**ભદ્રેશ્વર (વસહી) જૈન મંદિરનો ઈતિહાસ**

આ યાત્રાધામના ઈતિહાસ મુજબ, ભગવાન મહાવીરના નિર્વાણના 23 વર્ષ પછી દેવચંદ્ર નામના એક શ્રાવકેભદ્રાવતી શહેરના તત્કાલીન રાજા સિદ્ધસેનની મદદથી, અહિયાં મંદિર બનાવડાવીને શ્રી કપિલ કેવલી મુનીવર દ્વારા ભગવાન શ્રી પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી હતી. આ બાબતનો ઉલ્લેખ અહીંથી મળી આવેલા એક તામ્રપત્ર (તાંબાના પતરાં)માં મળ્યો છે. ભૂકંપ દરમિયાન નુકસાન થયેલ આ જૈન મંદિર લગભગ 200 વર્ષ જૂનું હતું. મંદિરની ઊંચાઈ 150 ફુટ લંબાઈ 38 ફૂટ અને પહોળાઈ 80 ફૂટ હતી. પરમ પૂજ્ય કપિલ કેવલી મુનીવર દ્વારા સ્થાપિત ભગવાન શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાને મુખ્ય મંદિરમાં આવેલી ભમતીની 50 દેરીઓ વચ્ચે 25 મી દેરીમાં સ્થાપના થઈ હતી. જ્યારે શ્રી મહાવીરસ્વામી ભગવાન આ તીર્થના મૂળનાયક હતા. અલબત્ત, શ્રી પાર્શ્વનાથ પ્રભુની શ્યામ પાષાણમાં નિર્મિત આ પ્રાચીન પ્રતિમા સૌ પ્રથમ આ મંદિરના મૂળ ભગવાન હતા.

ભૂકંપ આવ્યા પછી ચાર મહિના બાદ સંવત ૨૦૫૭ વૈશાખ સુદ ૬, રવિવાર, તા.29/4/2001ના રોજ બધા જ ભગવાન તથા ગૌતમ સ્વામી વગેરેની બીજી બધી મૂર્તિઓ તેમજ ગુરુ મૂર્તિઓ અને તમામ દેવી-દેવતાઓની સ્થાપના નવા ગૃહ મંદિરમાં કરવામાં આવી હતી. તેરા ગામથી ભુજ 35 કિ.મી.છે. ભદ્રેશ્વર તીર્થ પહોંચવા માટે ભારતના કોઈપણ ભાગ માંથી ગુજરાતનાં કચ્છમાં આવેલા ગાંધીધામ સ્ટેશને રેલ્વે દ્વારા પહોંચીને ત્યાંથી બસ, ટેક્ષી અને ટ્રાવેલ્સ દ્વારા જઈ શકાય છે.

**કાળો ડુંગર**



Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

કચ્છના ઉત્તર ભાગમાં આવેલ કચ્છના મોટા રણની કાંધી પર ઉભેલ કચ્છનો ઉંચામાં ઉંચો ૧૫૫૨ ફુટ કાળો ડુંગર દતાત્રેય ભગવાનનું સ્થાન છે. દત શિખર તરીકે ઓળખાતી ટોચ પર વિશાળ સપાટ જગ્યામાં મંદિર છે. કચ્છની ડુંગરની ત્રણ ધાર પર માંહેલી ઉતર ધાર પર કાળો ડુંગર સ્થિત છે. મૂળ અરવલ્લી કુળનું આ પર્વત જુરાસીક પીરીયડનું છે એટલે કે સાડા છ કરોડ વર્ષ પ્રાચીન છે અને એટલા જ માટે તેની ટોચ ઉપરના પથ્થરો વચ્ચે લાકડાના તથા દરિયાઈ જીવોના અશ્મિઓ જોવા મળે છે. કહેવાતો આ કાળો પરંતુ ઉપર જતા જ લાગે આ કાળો નથી. આ સ્થાન ઉંચો હોવાથી ભારત-પાક બોર્ડર પ્રવાસી દુરથી જોઈ શકે છે

### દત્તાત્રેય મંદિર

કાલો ડુંગર 400 વર્ષ જૂના દત્તાત્રેય મંદિર માટે પણ પ્રખ્યાત છે. દંતકથા કહે છે કે જ્યારે દત્તાત્રેય પૃથ્વી પર ચાલતા હતા, ત્યારે તેઓ બ્લેક હિલ્સ પર રોકાયા હતા અને ભૂખ્યા શિયાળનું એક ટોળું મળ્યું હતું. ભગવાન હોવાને કારણે, તેણે તેમને તેમના શરીરને ખાવા માટે ઓફર કરી અને જેમ જેમ તેઓ ખાતા હતા તેમ તેમ તેમનું શરીર સતત પોતાને પુનર્જીવિત કરતું હતું. આને કારણે, છેલ્લા ચાર સદીઓથી, મંદિરના પૂજારીએ પ્રસાદ, રાંધેલા ચોખાની એક બેચ તૈયાર કરી છે, જે સાંજની આરતી પછી શિયાળને આપવામાં આવે છે.

અન્ય, દંતકથા એવી છે કે એક સમયે લખ ગુરૂ નામનો એક પવિત્ર માણસ કાલા ડુંગરમાં રહેતો હતો અને ભગવાન દત્તાત્રેયની પૂજા કરતો હતો. તે જંગલી શિયાળને ખવડાવતો હતો. એક દિવસ એવો આવ્યો જ્યારે તેને મળ્યું કે તેની પાસે ખોરાક નથી, તેથી તેણે તેના શરીરનો એક ભાગ કાપી નાંખ્યો અને શિયાળને કહ્યું, "લે અંગ!" . સદીઓથી, આ દૂષિત થઈને "લાંબી" થઈ ગઈ.

### પંચમાઇ પીર

પંચમાઇ પીર ભારતના ગુજરાતના કચ્છ વિસ્તારના રણમાં પીર ની દરગાહ છે. તેની સાથે એક પ્રખ્યાત દંતકથા જોડાયેલી છે. પચ્છમાઇ પીર પર્વ માળામા કાળો ડુંગર, કચ્છનું સૌથી ઉંચું શિખર છે, જેની ઉંચાઇ ૪૫૮ મીટર છે. તે જિલ્લાના મુખ્ય શહેર ભુજથી ૯૭ કિમી દૂર આવેલો છે. કાળો ડુંગર પર્વતોની ભૂસ્તરશાસ્ત્ર રચનાની રીતેકચ્છમાં સૌથી જૂનું છે જે ૧૯૦ મિલિયન વર્ષો ની વયના છે. આ દંતકથામાં શિયાળને ખવડાવવાના રિવાજનાં મૂળ છે જેઓ મહાન રણ પાર કરવાની યાત્રા શરૂ કરવા ઇચ્છુક છે.

### દંતકથા

એક પૌરાણિક કથા અનુસાર, સો વર્ષ પહેલાં, પંચમાઇ નામના એકાંત પીર આ મીઠાના કચરામાંથી પસાર થયા હતા , તેનો એકમાત્ર સાથી એક શિયાળ હતો. આ સ્થાનિક શિયાળને ખવડાવવાની પરંપરાનું મૂળ હતું. વૈવિધ્યપૂર્ણ કોઈપણ જે મહાન રણ પાર કરવા માટે પ્રવાસ શરૂ કરવા માંગે છે, તે પહેલા ટેકરીની ટોચ પર પંચમાઈ પીરના પગના નિશાનને શ્રદ્ધાંજલિ આપે છે. પછી, તે ત્યાં થોડો ખોરાક છોડી દે છે અને તેની થાળીને મારવાનું શરૂ કરે છે. જો શિયાળ ઉઠે છે અને ખોરાક ખાય છે, તો તે શુભ માનવામાં આવે છે. જો તેઓ ચાલુ ન થાય, તો શુકનની ખરાબ અસરો પ્રવાસ રદ કરવા માટે પૂરતી ગંભીર માનવામાં આવે છે.

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

**હાજીપીર દરગાહ**



હાજીપીરનું મૂળ નામ ગરીબનવાઝ વલી અલ્લાહ હજરત સૈયદ અલી અકબરશાહ ઝકરીયા છે. મોટાભાગના લોકો હાજીપીરના નામે ઓળખે છે, કેટલાક વલીપીર તો કેટલાક ઝિંદાપીરના નામે પણ ઓળખે છે.આ દરગાહને. હાજીપીરના પૂર્વજો મૂળે તો અરબસ્તાનના મક્કા શરીફના રહેવાસી. હાજીપીરનો ખુદનો જન્મ ૧૨મી સદીમાં થયો હોવાનું કહેવાય છે. તેઓ સૈયદ પરિવારના હોવાથી ઈસ્લામિક સંસ્કાર અને શિક્ષણનો પાયો બાળપણથી જ મજબૂત હતો. યુવાન વયે તેઓ ગઝનીના સુલતાન શાહબુદ્દીન ઘોરીના લશ્કરમાં જોડાયા. દસ્તાવેજો કહે છે કે ઈ.સ. ૧૧૯૧માં જ્યારે શાહબુદ્દીન ઘોરીએ દિલ્હીના પૃથ્વીરાજ ચૌહાણ પર ચડાઈ કરી ત્યારે યુદ્ધમાં તે ખૂબ ગંભીર રીતે જખમી થયા હતા. પરિણામે આ યુદ્ધમાં વિજયનો તાજ પૃથ્વીરાજ ચૌહાણને ફાળે ગયો હતો. એ સમયે શાહબુદ્દીન ઘોરીની સારવાર હાજીપીરે કરી હતી. તેમની દરકારભરી સારવારથી શાહબુદ્દીન જલદી સાજા થઈ શક્યા હતા. જેમ ઘવાયેલો વાઘ બમણાં જોરથી ત્રાટકે એમ શાહબુદ્દીને પણ બીજે જ વર્ષે એટલે કે વર્ષ ૧૧૯૨માં ફરી દિલ્હીના તખ્ત પર આક્રમણ કર્યું. બમણા જોરથી ત્રાટકેલા શાહબુદ્દીન ઘોરી સામે પૃથ્વીરાજ ચૌહાણ પરાજિત થયા. આમ તો આ વિજયથી હાજીપીર રાજી થવા જોઈતા હતા, પરંતુ તેમના સૈનિકોએ જે રીતે દિલ્હીમાં હાહાકાર મચાવ્યો હતો અને નિર્દોષોને રંજાડ્યા હતા એ જોઈને હાજીપીરનું મન દુ:ખી થઈ ગયું. જીવનનું સત્ય જાણે તેમને સમજાઈ ગયું ને સૈનિકનો વેષ ત્યજીને તેમણે ફકીરી સ્વીકારી લીધી.ફકીર બની જવું આટલું આસાન થોડું હોય છે. કેટકેટલીય પરીક્ષાઓમાંથી પસાર થવું પડે છે. હાજીપીરને પણ અનેક મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું હતું, પરંતુ હંમેશાં અલ્લાહ તેમની પડખે ઊભા રહ્યા હતા. સૈનિકમાંથી ફકીર બન્યા બાદ તેઓ પંજાબ અને સિંધ પ્રાંતમાં વર્ષો સુધી રહ્યા. છેક વર્ષ ૧૨૦૦માં તેઓ સિંધમાંથી કચ્છ આવ્યા. કચ્છના રજપૂતોએ તેમને અટકાવ્યા, પરંતુ નેકદિલ હાજીપીરે સૌના દિલ જીતી લીધા. કચ્છ પ્રદેશમાં બન્ની વિસ્તારમાં નરા ગામથી થોડે દૂર આવેલી જગ્યાને તેમણે પોતાની કર્મભૂમિ ને ધર્મભૂમિ તરીકે પસંદ કરી. કચ્છમાં પાણીની સમસ્યા તો સનાતન છે. રણવિસ્તાર છે એટલે પાણીની સમસ્યા તો હંમેશાં રહેવાની જ. હાજીપીરે ગામવાસીઓને પાણીની સમસ્યાના ઉકેલ માટે એક તળાવ ખોદવાનું કહ્યું. તળાવ ખોદાઈ ગયા બાદ તેમણે પોતે એ ખાલી તળાવમાં નમાજ પઢી અને

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

અલ્લાહને લોકોની મુશ્કેલી દૂર કરવા માટે બંદગી કરી. કહેવાય છે કે એ જ ઘડીએ તળાવની જમીનમાં તિરાડો પડી અને મીઠા પાણીથી તળાવ છલકાઈ ગયું. આ તળાવ સો રાજપૂત સૈનિકોએ સાથે મળીને ખોદ્યું હતું અને તેથી તે 'સોંધરણા'ના નામે ઓળખાયું. દર વર્ષે ચૈત્ર મહિનામાં યોજાતા હાજીપીરના મેળામાં દેશ-દેશાવરથી લગભગ પાંચ લાખ લોકો આવે છે. તે સિવાય પણ વર્ષ દરમિયાન હાજીપીરના દર્શને વર્ષે હજારો લોકો આવે છે. એક નોંધનીય વાત એ પણ છે કે હાજીપીરના દર્શને આવતા શ્રદ્ધાળુઓ એ જ દિવસે માતાના મઢ પર મસ્તક ટેકવતા હોય છે. હિંદુ અને ઈસ્લામિક એક્તાનો આટલો સુંદર સુમેળ બહુ રેર કેસમાં જોવા મળે છે.જીવનભર હાજીપીરે સ્થાનિકો અને કચ્છની ખૂબ સેવા કરી. નેકદિલ હાજીપીર હંમેશાં જીવદયાના કાર્યોમાં અગ્રેસર રહેતા. રણવિસ્તારના વટેમાર્ગુઓ, પ્રવાસીઓ માટે તેઓ હંમેશાં મીઠી વીરડી બનીને રહ્યા. એક વિધવા બ્રાહ્મણની ગાયોને ધાડપાડુઓ પાસેથી બચાવવાની રકઝકમાં તેમણે શહીદી વહોરી લીધી હતી. જોકે એમની શહાદત એળે ગઈ નથી. ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા એ પહેલા તો સિંધ પ્રાંતથી ઊંટગાડીઓ અને બળદગાડા જોડીને લોકો અહીં દર્શન-મન્નત માટે આવતા હતા. આજે પણ કચ્છની મુલાકાત લેનારી પ્રત્યેક વ્યક્તિ પૂરી શ્રદ્ધાથી હાજીપીરની દરગાહે મસ્તક નમાવે છે. તેમના પરચાની તો અનેક કહાનીઓ પ્રચલિત છે. હવે હાજીપીર જાઓ ત્યારે માત્ર દર્શન કરીને પાછા ન ફરતા, પણ તેમના જીવનસ્પંદનને એ પાક જગ્યાએ ઊભા રહીને અનુભવજો. બત્રીસે કોઠે દીવા થઈ જશે.કચ્છના પીરની વાત છેડી દીધી છે ત્યારે કબૂલવું રહ્યું કે લગભગ દરેક ગામે એક પીર જોવા મળશે. દરેકની અનેરી કહાની છે, માનવતાની કોઈ નવી મિસાલ કાયમ થતી દેખાય છે દરેક દરગાહે. આજે જ્યારે પીર અને દરગાહની વાત છેડી જ દીધી છે

હાજીપીર ભારતના ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લામાં આવેલી એક દરગાહ છે. આ દરગાહ એક મુસ્લિમ સંત હાજીપીરને સમર્પિત છે. એવું માનવામાં આવે છે તેઓ આ સ્થળે શહાબુદ્દીન મહમ્મદ ઘોરીની સેનામાં એક સિપાહી તરીકે આ સ્થળે આવ્યા હતાં. તેમણે સેનામાંથી નિવૃત્તિ મેળવી અને નારા ખાતે સ્થાયી થયા. તેઓ બહારવટીયાઓથી ગાયોનું રક્ષણ કરતાં મૃત્યુ પામ્યા હતાં. તેમણે હજ કરી હતી તેથી તેમને હાજીપીર તરીકે ઓળખવામાં આવ્યા. તેઓ ઝિન્દા પીર કે વાલી પીર તરીકે પણ ઓળખાય છે

ચૈત્ર મહિનાના (એપ્રિલ) પ્રથમ સોમવારે અહીં વાર્ષિક મેળાનું આયોજન કરવામાં આવે છે. સમગ્ર ગુજરાતમાંથી લોકો તે સમયે અહીં આવે છે અને સાથે સાથે નજીકમાં આવેલ કરોલ પીર દરગાહના દર્શન પણ કરે છ

**કોટેશ્વર મંદિર**

સમુદ્રકાંઠે આવેલું આ સ્થળ અહીંના પુરાણ પ્રસિદ્ધ કોટી શિવલિંગોના કારણે પ્રખ્યાત બન્યું છે. હિંદુ ધર્મ માટે આ યાત્રાનું સ્થળ છે. તે કચ્છને જોડતી ભારતની સરહદે આવેલું અંતિમ ગામ છે. ત્યાંથી દરિયામાં આંતરરાષ્ટ્રિય સરહદ આવેલી છે.

બંદર પ્રસિદ્ધ ચીની યાત્રાળુ હ્યુ-એન-ત્સાંગે શોધ્યું હતું. એમ મનાય છે. એ વખતે આ સ્થળે શૈવમંદિર અને પાશુપત સાધુઓ હોવાનું હ્યુ-એન-ત્સાંગના વણન ઉપરથી લાગે છે. આ બંદરની પ્રાચીન મહત્તા નાશ પામી

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

છે. ગામથી કોટેશ્વરનું મંદિર એક માઈલ છેટે ટેકરા ઉપર આવેલું છે. દરવાજા ઉપરના એક લેખ મુજબ હાલનું મંદિર સં. ૧૮૭૭માં બંધાયું છે. આ સ્થળનું પ્રાચીન મંદિર તદ્દન નાશ પામ્યું છે અને એની કશી નિશાનીઓ જળવાઈ નથી. અત્યારે કોટેશ્વર અને નીલકંઠ બે શૈવમંદિરો ફક્ત છે, પણ નારાયણ સરોવર પણ એક કાળે કાનફટા બાવાઓના હાથમાં હતું એ જોતાં કોટેશ્વર જૂના કાળમાં મોટું તીર્થ હશે અને એ મંદિરના પાશુપત આચાર્યોનું જોર હશે એમ લાગે છે. કોટેશ્વર મંદિર નજીક સમુદ્રના કાંઠે આજે પણ તૂટેલા મંદિરના અવશેષો વિખેરાયેલા જોવા મળે છે.

કોટેશ્વરની કથા રાવણની કથાથી શરૂ થાય છે. રાવણને તેની સખત તપસ્યાના ફળરૂપે શિવે વરદાન આપ્યું હતું. મહાન આધ્યાત્મિક શક્તિઓ ધરાવતું આ વરદાન એક શિવલિંગના સ્વરૂપમાં હતું, પરંતુ રાવણે અહંકારમાં ઉતાવળે શિવલિંગને જમીન પર મુકી દીધું અને તે કોટેશ્વરની જમીન પર પડ્યું. રાવણને તેની બેદરકારીની સજારૂપે શિવલિંગે તેના જેવા હજારો (અને કથાના કેટલાક પાઠાંતર પ્રમાણે, લાખો, કરોડો. ટૂંકમાં અસંખ્ય.) લિંગો સર્જ્યાં. મૂળ શિવલિંગને ઓળખવામાં અસમર્થ રાવણે એક લિંગ ઉઠાવી લીધું અને ચાલવા માંડ્યો. મૂળ લિંગ ત્યાંનું ત્યાંજ રહી ગયું. જ્યાં કોટેશ્વરનું મંદિર બન્યું.

**માતાનો મઢ**



કચ્છને અનેક દૃષ્ટિએ ભાતીગળ બનાવનારા કારણોમાં મુખ્ય છે માતાનો મઢ, કારણ કે અહીં મા આશાપુરાના બેસણાં છે. માતાજી સાથે ઘણી કથાઓ સંકળાયેલી છે. તેમાં સૌથી પ્રચલિત મારવાડના વાણિયાની છે. 1500 વર્ષ પહેલાં મારવાડથી એક કારડ વાણિયો વેપારી પ્રવાસ અર્થે અહીં આવ્યો હતો. તેનું નામ દેવચંદ હતું.માતાજીનું અત્યારનું જે મંદિર છે એ જગ્યાએ તે રોકાયો અને નવરાત્રિ અહીં પસાર કરી. તે મા અંબાનો ભક્ત હતો. તે પૈસે ટકે સુખી હતો પણ શેર માટીની ખોટ હોવાથી માતાજીને સંતાનપ્રાપ્તિ માટે વિનંતિ કરતો રહેતો. એક વખતે માતાજી તેને સપનામાં આવ્યાં અને એ જગ્યાએ મંદિર બનાવવાનું કહ્યું. આ વાતની ખરાઈ માટે તે ઊઠે ત્યારે ચૂંદડી અને શ્રીફળ તેને જોવા મળશે એવું માતાજીએ કહ્યું.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

જોકે માતાજીએ એક શરત રાખી હતી. મંદિરના નિર્માણના 6 મહિના સુધી તેનાં દ્વાર ખોલવાં નહીં જેથી તેઓ પૂરેપૂરા અંદર બિરાજમાન થઇ જાય. વાણિયાએ ખુશ થઈને એવું જ કર્યું અને મંદિરની રખેવાડી કરવા માટે તે પોતાનું ઘર છોડીને અહીં આવીને વસવા લાગ્યો. પાંચ મહિના પુર્ણ થયા બાદ મંદિરના દ્વાર પાછળથી એક વખત તેને ઝાંઝર અને ગીતનો મધુર અવાજ સંભળાયો. આ મધુર ધ્વનિને સાંભળ્યાં બાદ તેનાથી રહેવાયું નહી અને તે મંદિરના દ્વાર ખોલીને અંદર ગયો. અંદર જઈને તેણે જોયું તો દેવીની ભવ્ય મૂર્તિના દર્શન થયા. પરંતુ તેને યાદ આવ્યું કે તેણે માતાજીએ આપેલા સમયના એક મહિના પહેલા જ મંદિરના દ્વાર ખોલી દીધા છે,જેને કારણે માતાજીની અર્ધવિકસીત મૂર્તિનું નિર્માણ થયું હતું. પોતાના આ કૃત્ય બદલ તેણે માતાજીના ચરણોમાં પડીને માફી માંગી. માતાજીએ તેની ભક્તિ પર પ્રસન્ન થઈને તેને માફી આપી દીધી અને તેને વરદાન માંગવા કહ્યું. વરદાનમાં તેણે પુત્ર રત્નની માંગણી કરી. પરંતુ, માતાજીએ કહ્યું કે તારી ઉતાવળને લીધે મારા ચરણોનું પ્રાગટ્ય અધુરૂ રહી ગયું..નવરાત્રિમાં પત્રીવિધિનુ મુખ્ય આકર્ષણ છે, જેમાં છેલ્લા દિવસે માતાજીની મૂર્તિ પર રાખેલું ફુલ આપમેળે ખોળામાં આવી જાય છે.

૧૮૧૯માં કચ્છમાં આવેલા ભૂકંપ દરમિયાન આ મંદિરને ભારે નુકશાન થયું હતું. ત્યાર બાદ પાંચ જ વર્ષમાં સુંદરજી શિવજી અને વલ્લભાજીએ આ મંદિરને ફરીથી બંધાવી દેવડાવ્યું હતું. ત્યાર બાદ ૨૦૦૧માં આવેલા ભૂકંપમાં ફરીથી આ મંદિરને નુકસાન થયું હતું. પરંતુ થોડાક જ સમયમાં આ મંદિરને ફરીથી બંધાવી દેવડાવ્યું હતું. નવરાત્રિમાં અહીં દર્શનાર્થીઓનો મહેરામણ ઊમટે છે. છેક મુંબઈથી પણ ભાવિકો પગપાળા માનતા કરીને આવે છે. વર્ષ દરમિયાન લાખોની સંખ્યામાં ભક્તો અહીં આવે છે.

**રવેચી માતા મંદિર**



રવેચી માતાજીનું મંદિર ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં રવ ગામ પાસે આવેલ એક પૌરાણિક મંદિર છે. દેવીસર તળાવના કાંઠે, ઘટાદાર વૃક્ષો વચ્ચે આવેલ આ મંદિર પરિસર રમણીય છે આ મંદિર ઈ. સ. ૧૮૨૧ (સંવત ૧૮૭૮)ના વર્ષમાં £૬૩૩ પાઉન્ડ (૨૪,૦૦૦ કચ્છ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

કોરી) ના ખર્ચે બાંધવામાં આવ્યું હતું. આ મંદિર ૩૦ ફીટ લાંબુ, ૧૭ ફીટ પહોળું અને ૫૪ ફીટ ઊંચાઇની સાથે બે ગુંબજો ધરાવે છે. જેમાં પ્રથમ ૭ ચોરસ ફીટ અને બીજો ૧૪X૭ ફીટનો છે. મંદિરનો મુખ્ય ભાગ ૧૪ ફીટ X ૧૩ ફીટ વિસ્તાર પર ૪૪ ફીટ ઊંચાઇ પર છે. મંદિરના મધ્ય ભાગમાં રવેચી માતાની વિશાળ મૂર્તિ આવેલી છે, જે વાગડ વિસ્તારમાં બહુ માન્યતા ધરાવે છે. આ ઉપરાંત ખોડિયાર માતા, આશાપુરા માતા, સામબાઈ માતા તેમ જ અંબા માતાની પ્રતિમાઓ છે. તે પહેલાના સમયનું મંદિર, જે ૯ ગુંબજ ધરાવતું હતું અને પાંડવો દ્વારા બાંધવામા આવ્યું હતું, તેનો બાબી સૈન્ય દ્વારા વિનાશ કરી દેવામાં આવ્યો હતો તેમ મનાય છે. મંદિરની દિવાલના ખૂણા પર પાળિયો આવેલો છે, જેના પર ઈ.સ. ૧૨૭૧ (સંવત ૧૩૨૮, શ્રાવણ વદ ૨, શુક્રવાર)ના સમયનો લેખ છે

આ મંદિર પરિસર ખાતે શીતળા માતા, ગણપતિ, હનુમાનજી, વાસંગી ખેતરપાળની પ્રતિમાઓ અને પંચમુખા મહાદેવનું મંદિર, કામધેનુ ગાયની દેરી તેમ જ મહંતની દેરી આવેલ છે.

ચારે બાજુ લીલાછમ વૃક્ષોની હારમાળાથી ઘેરાયેલા અને રમણીય તળાવની પાળે બિરાજેલા રવેચીના દર્શનાર્થે

પ્રવાસીઓનો પ્રવાહ હંમેશા વહેતો હોય છે.ભાદરવા સુદ આઠમના રવેચી માતાજીનો પ્રખ્યાત મેળો યોજાય છે. રાપર તાલુકાના મોટી રવ ગામાથી ૩ કિ.મી. તેમજ રાપરાથી ૧૫ અને ભુજાથી ૧૭૦ કિલોમીટરના અંતરે આ માતાજીનું સૃથાનક આવેલુ છે.

**કોઠરા જૈન મંદિર**



ભુજ થી આશરે ૮૦ km ના અંતરે અબડાસા તાલુકા મા આવેલું એક ગામ છે 'કોઠારા'.૧૭૧૫-૧૭૧૮ મા કચ્છ ના રાઓ ગોધાજી એ એમના ભાઈ હાલોજી ને 'મુન્દ્રા' જાગીર આપી હતી, હાલોજીએ ત્યારબાદ 'કોઠારા' , ' કોઠરી' અને 'નાગ્રેચી' જાગીર સ્થાપી.

જૈનો ના કચ્છ ની પંચતિથી નો એક જીનાલય અહી કોઠારા મા છે. વિક્રમ સવંત ૧૯૧૮ એટલે ઈ.સ. ૧૮૬૨ મા અચલગચ્છ ના આચાર્ય મહારાજસાહેબ રત્નસાગરસુરીજી ના નીશ્રા મા આ જીનાલય નું નિર્માણ થયું અને ભગવાન શ્રી શાંતિનાથ પ્રભુ ની સુંદર પ્રતિમા અહી મૂળનાયક તરીકે સ્થાપિત થઇ. આ જીનાલય કિલ્લાબંધ છે એટલે

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

આ જીનાલન ચોફેર એક કિલ્લો છે.

૧૬ મા તીર્થંકર શાંતિનાથને સમર્પિત જૈન મંદિર. મંદિરનું બાંધકામ ૧૮૬૧ માં માઘ મહિનાના ૧૩ મા દિવસે કરવામાં આવ્યું હતું (વી.સ. ૧૯૧૯). મંદિર ૪૦,૦૦૦ પાઉન્ડની કિંમતે બાંધવામાં આવ્યું હતું, જે તે સમયે કચ્છમાં સૌથી મોંઘું મંદિર માનવામાં આવતું હતું. મંદિરના નિર્માણ માટે અડધા ભાગ શાહ વેલ્જી માલુ અને શાહ કેશવજી નાયકે આપ્યો હતો,બાકીનો ભાગ શિવજી નેન્સી અને કોઠારાના ઓસ્વાલ વાણીયાઓએ સરખા ભાગમાં આપ્યા હતા. તે અમદાવાદના જૈન મંદિરની કરીગરીની રીતે, સખરાઈના સલાટ નાથુની દેખરેખ હેઠળ કચ્છ કાર્યકરો દ્વારા બનાવવામાં આવ્યું હતું. શાંતિનાથની પ્રતિમાની પ્રાણપ્રતીષ્ઠા, ઔપચારિક રીતે અચલગછ આચાર્ય રત્નાસાગરસુરી દ્વારા કરવામાં આવી હતી. કેશવજી નાયક, જે પાલીતાણાના મંદિરો પરની કવિતાના લેખક હતા અને જેઓ અહીના વતની હતા, તેમન નામ પરથી આ મંદિરનું નામ 'કલ્યાણ ટુંક' પણ છે
આ મુખ્ય મંદિરની સરખામણી મરૂપ્રભા મંદિર સાથે કરવામાં આવે છે. કચ્છના મિસ્ત્રીઓને, આ સદીઓ જૂના સુંદર જૈન મંદિરોના મુખ્ય આર્કિટેક્ટ ગણવામાં આવે છે.

**આઈના મહેલ**



Aina Mahal Palace

ઝગમગતું અને ચમકતું, ભુજમાં **આઈના મહેલ** એ ભારતમાં નિર્માણ પામનારા ઈન્ડો-સેરેસિનિક આર્કિટેક્ચરનું એક ઉત્તમ ઉદાહરણ છે. આ કાલ્પનિક મહેલ એ રામસિંહ મલમની દિવ્ય રચના છે. આંતરિક અને સ્થાપત્યની દ્રષ્ટિએ આ મહેલ અનન્ય અને અસાધારણ છે. ઘણા જળસંચય અને ફુવારાઓ મહેલની અંદરના ભાગમાં ઘેરાયેલા હોય છે, જે વિવિધ પ્રકારના દાખલા બનાવે છે જે દર્શકોને મનોહર કરે છે. બે માળમાં પથરાયેલા આ બિલ્ડિંગમાં દરબાર હોલ, અરીસાઓનો એક હોલ, અને શાહી પરિવારના વિવિધ સભ્યો સાથેની સ્યુટ છે.

આઈના મહેલએ ૧૭૬૧માં રાવ લખપતજી દ્વારા બંધાવવામાં આવ્યો હતો. આના મુખ્ય વાસ્તુકાર કચ્છી મિસ્ત્રી રામ સિંહ માલમ હતા. જેને કચ્છના સ્થાનિક મિસ્ત્રીઓ દ્વારા મદદ કરવામાં આવી હતી. મહેલની દિવાલો

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

સફેદ આરસની છે જેમાં સોનાની દોરીઓ વડે અરીસાઓ લગાવવામાં આવ્યા છે અને જે વેનેટીયન ગ્લાસના રંગથી ઘેરાયેલા અલંકારોથી અલગ પડેલા અરીસાઓથી ઢંકાયેલી હોય છે. આ મહેલમાં ભાગે ચારે બાજુ અરીસાઓ જ લગાવવામાં આવેલ છે. આ મહેલમાં તમને અનેક અરીસાઓ, જૂનાં ચલચિત્રો તેમજ ચાઈનીઝ ટાઈલ્સ અને શાહી પરિવારોની કેટલીક વસ્તુઓ પણ જોવા મળશે જેમાં જૂની તલવારો અને મુજરો કરવામાં આવતો તે જગ્યા પણ અહીં જોવા મળશે મ્યુઝિયમ પણ આઈના મહેલનો એક ભાગ છે. સંગ્રહાલયમાં પ્રદર્શિત પ્રદર્શનોમાં પેઇન્ટિંગ્સ, ફોટોગ્રાફ્સ, શાહી સંપત્તિ અને કચ્છ ભરતકામના ઉત્તમ નમૂનાઓનો સમાવેશ થાય છે. સંગ્રહાલયના એક ઉત્કૃષ્ટ સંગ્રહમાં ૧૫ મીટર લાંબી સ્ક્રોલ શામેલ છે જેમાં મહારાઓ શ્રી પ્રાગમલજી બહાદુરની શાહી સરઘસને દર્શાવવામાં આવી છે. કિલ્લામાં એક કમ્પાઉન્ડ પણ છે; એનો એક ભાગ લગભગ ખંડેર છે. જોવા માટે ઘણા આકર્ષણો હોવા છતાં, આઈના મહેલ ચોક્કસપણે કચ્છ પ્રદેશનો મહત્વપૂર્ણ વારસો છે.

૨૦૦૧ના ગુજરાત ધરતીકંપમાં આ મહેલ પૂર્ણ રીતે નાશ પામ્યો હતો. પણ આ મહેલનો એક ભાગ ને તેટલું નુકશાન થયું ન હતું. તેનું સમારકામ કરીને તેને પુનઃ સ્થાપિત કરરવામાં આવ્યો છે. આ ભાગમાં એક શયન ખંડ, સંગીત ખંડ, દરબાર ખંડ, અમુક પુરાતન વસ્તુઓ, ચિત્રો, શસ્ત્રો અને સિંહાસન આદિ સાચવીને મુકવામાં આવ્યાં છે

**એકલ માતા મંદિર**



ભુજથી લગભગ એકસો કિ.મી. અને તાલુકા મથક ભચાઉથી ત્રીસ કિ.મી. ના અંતરે એકલ માતાનું સ્થાડન મોટા રણની કાંધીએ આવેલું છે. સુંદર પરિસર ધરાવતા આ શિખરબંધ મંદીરમાં માતાજીની બે મૂર્તિઓ બિરાજમાન છે, જેમાં એક સ્વનયંભૂ પ્રગટેલી છે, જયારે બીજી લગભગ ૨૦૦ વર્ષ પહેલાં કોઇ નિ:સંતાન દરબારના ઘરે પારણું બંધાતાં અને પોતાની શેર માટીની ખોટ પૂરી થતાં તેમણે બીજી મૂર્તિ પધરાવેલ છે. વાગડ વિસ્તા રમાં એકલના સ્થાનેથી અત્યાંત વિશિષ્ટતા ભરેલ સફેદ રણનાં સરળતાથી દર્શન થાય છે. મંદિરની વાવ એ પાંડવો દ્વારા લગભગ ૫૧૦૦-૫૨૦૦ વર્ષ પહેલાં મહાભારત સમયમા બાંધવામાં આવેલ છે. જે સરસ્વતી સંસ્કૃતીના વિનાશના સમય દરમિયાનની છે. આ પ્રદેશમાં ગેડી વિસ્તારમાં પાંડવો તેમના ગુપ્તા વાસ દરમિયાન રોકાયા હતા. અને ભીમ ગુફાનું ક્ષેત્ર જ્યાં ભીમએ તેની પ્રથમ પત્ની હિડંમ્બા અને ભાંજેડોનો સ્વીકાર કરયો હતો,

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

તે હિડંમ્બાનું નિવાસ સ્થાન હોઈ શકે છે.પ્રકૃતિ અને પર્યટનના ચાહકો અહીંથી રણની અંદર કાકડિયા બેટ, ગંગડી બેટ વગેરેથી પગપાળા, મોટર સાયકલ દ્વારા સાહસિક પ્રવાસનો આનંદ લઈ શકે છે.

**દાદા મેકરણ મંદીર- ધ્રંગ**



કચ્છ સૌરાષ્ટ્ર સંતસભર પુણ્યભૂમિ છે. કચ્છના કાવડિયા સંત કચ્છ સૌરાષ્ટ્ર માં દાદા મેકણ તરીકે સુવિખ્યાત છે. તેઓની તપશ્વર્યા અને અનેકવિધ ઐશ્વર્યોની વાતો આજે પણ લોકોના હૈયામાં ધરબાયેલી છે. મેકણ દાદા માનવ સેવાને પ્રભુ સેવા જ માનતા.

દાદાવિક્રમ સંવંત -૧૭૨૦માં સંત મેકરણ દાદા નો જન્મ કચ્છના નાની ખોંભડી ગામે તેમનો જન્મ ભાટ્ટી રાજપૂત માતા ફાયાબાઈની કુખે થયો'તેમના પિતા નું નામ હરદોલજી અનેતેમના નાના ભાઈ નું નામ પતાજી હતું. તેમણે લગભગ આખી જિંદગી કચ્છના રણમાં પાર કરી, આ માનવતાવાદી સેવાઓ કરી. અંતીમ જીવનમાં વિક્રમ સંવંત ૧૭૮૬મા તેમણે પોતાની જાતને ધ્રંગ ખાતે શીથર કરી

તેમણે પોતાનું આખું જીવન કચ્છના રણમાં ગાળ્યું, રણમાં ભુલા પડેલ લોકોને તેમણ ખોરાક, પાણી અને આશ્રયની સેવા આપી જાન બચાવ્યા હતા. તેમના બે જોડીદારો “લાલિયો”, ગધેડો અને “મોતીયો”, કૂતરો હરરમેશ તેમની સાથે જ રહેતા હતા. પાણી અને ખોરાક “લાલીયો” ગધેડો પર લાદવા માટે અને “મોતીયો” કુતરાને રણમાં માર્ગ ભુલી ભટેકલ મુસાફરોને શોધવા માટેની તાલીમ આપી હતી.આમ તેઓ ભૂખ્યા, તરસ્યા અને માર્ગ ભુલેલ મુસાફરો અને કચ્છના રણમાંથી પસાર થતા મુસાફરોને પાણી, ખોરાક અને દિશા પ્રદાન કરતા હતા. તેઓ એક સારા કવિ હતા અને હિન્દુ ફિલસૂફીના આધારે અનેક સ્તોત્રોની રચ્ના કરી હતી. તેમની આહીર સમુદાય દ્વારા લક્ષ્મણના પુનઃ અવતાર તરીકે તેમની પૂજા કરવામાં આવે છે.

Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

**દાદા મેકરણ મંદીરનો ઈતિહાસ :**

દાદા એ સૌરાષ્ટ્રમાં બિલખા મધ્યે તપ કર્યું. ત્યારબાદ કચ્છ અને વાગડમાં જંગી અને પાવર પટ્ટીના લોડાઇ ગામે પધાર્યા. ત્યારે તેમને સંત નિર્મલગિરિનો ભેટો થયો. આ ધ્રંગ ગામે પધાર્યા.સંત મેકણ દાદાની જીવનકાર્યની કર્મભૂમિ તે ધ્રંગ રહી છે. ભુજ તાલુકાનું આ ગામ ભુજથી ૪૦ કિ.મી. ના અંતરે છે.

દાદા મેકરણે ધ્રંગમાં જીવતા સમાધી લીધી ત્યારે એ જ દિવસે અને એ જ સમયે જુદા જુદા ગામોમાં દાદાની સાથે કુલ એકતાલીસ (૪૧) જણાએં સમાધી લીધેલ.ધ્રંગમાં દાદાની સાથે અગીયાર વ્યકતિ તથા લાલીયો ગધેડો અને મોતીયો કૂતરો.વીછિંયામાં પાંચ,રાપર ખોંખરામાં બે,આડેસરમાં સાત,વીડીજપસિંધમાં પારુરાજા અને મેધાબાઇ એમ બે,તથા પરબવાવડીમાં બાર એમ મેકરણ દાદા મળી કુલ બેતાલીસ જણાએ એકજ દિવસે એકજ સમયે સમાધી લઈ આત્મત્યાગ કર્યો.

**સંદર્ભ સૂચિ**

1. Tridiv Vaidya (૨૫ ફેબ્રુઆરી ૨૦૦૬). "All roads leads in remembrance of Mekan Dada". The Times of India. મૂળ માંથી 2012-10-25 પર સંગ્રહિત. મેળવેલ ૨૫ જૂન ૨૦૧૬.
2. ↑ "Kutch Tourism". મેળવેલ ૨૫ જૂન ૨૦૧૬.
3. ↑ "Festival". મેળવેલ ૨૫ જૂન ૨૦૧૬.
4. ↑ "State Events: Guajarat: Dharang Fair". Zee News. મેળવેલ ૨૫ જૂન ૨૦૧૬.
5. www.Gujarattouristguide.com
6. https://gujarati.oneindia.com
7. https://www.gujaratsamachar.com